# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે "પ્રાકૃતિક કૃષિ" તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

---

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા: ૦૧ થી ૦૫ જુલાઈ, ૨૦૨૪ દરમ્યાન પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં ભરૂચ, વડોદરા, ગાંધીનગર, અરવલ્લી, અને મહિસાગર જીલ્લાના પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા ૨૯ ભાઈઓ તથા ૧૦ મહિલાઓ મળી કુલ ૩૯ ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બં.અ. કૃષિ મહાવિદ્યાલય, ડો. વાય. એમ. શુક્લાએ જણાવેલ કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન વધે છે, ખેતી ખર્ચ ઘટે છે, આવકમાં વધારો થાય છે, પર્યાવરણનું જતન થાય છે, તેમજ જમીનની ફળદ્રુપતા વધે છે. જેથી સફળ પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રાકૃતિક કૃષિના તમામ આયામોનો ઉપયોગ કરવો ખુબજ જરૂરી છે.

સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ પ્રાકૃતિક ખેતીના ઘટકો જેવા કે, જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણિઅર્ક, આચ્છાદન વગેરેની પ્રાયોગીક તાલીમ આપવામાં આવી હતી. સાથે– સાથે પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું મહત્વ તથા મિશ્ર/આંતરપાકોની અગત્યતા બાબતે અવગત કરાવવામાં આવ્યા હતા. વધુમાં નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીમાં આવતી મુશ્કેલીઓ-સમાધાન-ઉકેલ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરેનું ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે. તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિશે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત દેવેશભાઈ પટેલ, બોરીયાવી, ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા અરૂણભાઈ શાહ, સંજીવની ફાર્મ, પીપળાતા અને એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિના સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.

તાલીમ કાર્યક્રમનાં સમાપન સમારોહમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જે. કે. પટેલે જણાવેલ કે,રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે તેજ પથ પર આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓમાં પ્રાકૃતિક કૃષિનો સમાવેશ કરી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

સમાપન સમારોહના અંતમાં પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

# <u>પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>









